
શ્રીજી મહારાજ નિવાસ કરતા તે હરિ મંડપ





શ્રી સ્વામિનારાયણભગવાન વૃત્તાલયમાં સર્વે શાસ્ત્રોનો સાર કાઢીને
શિક્ષાપત્રી લખવાનો આરંભ કરે છે.



શ્રી સ્વામિનારાયણ ભગવાન શિક્ષાપત્રી નો આઠ દિશાઓમાં પ્રચાર કરવાની સંતોને આજ્ઞા આપે છે.




હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું; તે શ્રી કૃષ્ણ કેવા છે, તો જેના
ડાબાપડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થલને વિષે લક્ષ્મીજી રહ્યાં છે.
અને વૃંદાવન ને વિષે વિહારના કરનારા છે; ૧








શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વજીવહિતાર્થે પોતે લખેલી શિક્ષાપત્રીની સંતો દ્વારા આઠ નકલો તૈયાર કરાવે છે.




અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી-જે-અમે તે અમે, જે તે નાના પ્રકારના જે સર્વે દેશ
તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ; ૨




અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા, તેના નાશ કરનારા એવા અને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા અને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રી કૃષ્ણ ભગવાન તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો; ૨૧૨



શ્રી ધર્મ દેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામ પ્રતાપજી તથા ઈચ્છારામજી, તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્ત પુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે ; ૩

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી ; ૪


તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈયો તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ ; ૫

એ સર્વે-તેમણે, પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રી-મન્નારાયણની સ્મૃતિ એ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા ; ૬




શિક્ષાપત્રી દ્વારા જન કલ્યાણનો સંદેશો.


સંવત ૧૮૮૨ (અઢારસો બ્યાસી) ના મહાસુદિ પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે; તે પરમ કલ્યાણકારી છે; ૨૧૧




અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે, તે સર્વે-તેમણે, એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી, જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે, ૭




અને શ્રીમદ્ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર- તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યાં એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે પાળે છે, તે મનુષ્ય જે તે, આ લોકને વિષે ને પરલોક ને વિષે મહાસુખિયા થાય છે. ૮








અને આ જે અમારી શિક્ષાપત્રી, તે જે તે દૈવી સંપદાએ કરીને યુક્ત જે જન હોય, તેને આપવી, અને
જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ૨૧૦





અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તેતો કુબુદ્ધિ વાળા છે અને તે આ લોક તથા પરલોક ને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે; ૯





તે માટે, અમારા શિષ્ય એવા જે તમે સર્વે, તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ, નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ; ૧૦





અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય, ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી, અને આ જે અમારી વાણી, તે અમારું સ્વરૂપ છે, તે રીતે પરમ આદર થકી માનવી; ૨૦૯





હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે, અમારા જે સત્સંગી તેમણે, કોઈ જીવપ્રાણી માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી; ૧૧




અને દેવતા ને પિતૃ તેમના યજ્ઞને અર્થે પણ બકરા, મૃગલા, સસલા માછલા આદિક કોઈ જીવની- હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે, એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે; ૧૨





અને અમારા જે આશ્રિત સત્સંગી, તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો, અને જેને ભણતાં
આવડતું ન હોય, તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું ; ૨૦૮




અને સ્ત્રી ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી; ૧૩




અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, અને ક્રોધે કરીને ન કરવો અને ક્યારેક કોઈ અયોગ્ય
આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈ ને પણ આત્મઘાત ન કરવો, અને ઝેર ખાઈને, તથા ગળે ટૂંપો ખાઈ ને,
તથા કૂવે પડીને, તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો; ૧૪





અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તે તો અમારા સંપ્રદાય થકી બાહેર છે. એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી પુરુષ, તેમણે જાણવું; ૨૦૭





અને જે માંસ છે, તે તો, યજ્ઞનું શેષ હોય તોપણ આપત્કાળ માં પણ ક્યારેય ન ખાવું; અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય (દારૂ-સુરા) તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું. ૧૫




અને ક્યારે પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાથી અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે કરી ને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ૧૬




અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ, તે જે તે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ
કામ અને મોક્ષ - એ ચારે પુરુષાર્થની સિદ્ધિ ને નિશ્ચય પામશે; ૨૦૬





અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું; ૧૭




અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ-તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો, અને ભાંગ્ય મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ; ૧૮





એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે, સાવધાનપણે કરીને નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રી ને અનુસરીને જ વર્તવું; પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું; ૨૦૫





અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ- તે ખપતું ન હોય, તેણે રાંધેલ અન્ન તથા તેનાપાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી - ચરણામૃત ના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું, અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ૧૯





અને પોતાના સ્વાર્થ ની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ૨૦





અને સર્વે જે સત્શાસ્ત્ર તેનો જે સાર, તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને, આ શિક્ષાપત્રી જે તે લખી છે, તે કેવી છે, તો સર્વે મનુષ્ય માત્રને મનવાંછિત ફળની દેનારી છે; ૨૦૪




અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ, એમની નિંદા ક્યારેય ન કરવી
અને ન સાંભળવી. ૨૧




અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતા ની
આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. ૨૨





અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈ, ભાઈ સર્વે- તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ, તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે. અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ, તે થકી જાણવો; ૨૦૩





અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે, તેને જોઈને તેને નમસ્કાર કરવા અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ૨૩





અને પોતે પોતાના વર્ણાશ્રમનો જે ધર્મ, તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો.અને પર ધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું ૨૪




અને તે સાધુ, ને બ્રહ્મચારી, તેમણે, કોઈક કુમતિ વાળા દુષ્ટ જન હોય, ને તે પોતાને ગાળ દે અથવા મારે, તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી, ને મારવો નહિ, અને તેનું જેમ હિત થાય, તેમજ મન માં ચિંતવન કરવું; પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો; ૨૦૧





અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું; ને કોઈનાં ચાર ચક્ષુન થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી, (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા) ૨૦૨





અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ-એબે થકી પડી જવાય, તેના મુખ થકી ભગવાનની કથા-વાર્તા ન સાંભળવી. ૨૫




અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય, એવું જે સત્ય વચન, તે ક્યારેય ન બોલવું; અને જે કૃતઘ્ની હોય તેના સંગ નો ત્યાગ કરવો; અને વ્યવહાર કાર્ય ને વિષે કોઈની લાંચ ન લેવી. ૨૬




અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સુવું નહિ, અને ગ્રામ્ય વાર્તા કરવી નહિ, ને જાણીને તો સાંભળવી પણ નહિ; ૧૯૯




અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે, રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સુવું નહિ; અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું; ૨૦૦





અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો- એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો ૨૭





અને જે મનુષ્ય, ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સંગ ન કરવો. ૨૮




અને નૈષ્ઠિક બ્રહ્મચારી, ને એ સાધુ તેમણે, તાંબૂલ તથા અફીણ તથા તમાકુ ઈત્યાદિકનું જે ભક્ષણ, તે જતને કરીને વર્જવું; ૧૯૭




અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, ને સાધુ-તેમણે, ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ, તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ, ૧૯૮





અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના વરાહાદિક અવતાર, તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ૨૯





અને ગાળ્યા વિનાનું જે જળ તથા દુધ તે ન પીવાં; અને જે જળ ને વિષે ઝીણા જીવ ઘણાક હોય, તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી, ૩૦





અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય, તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય, ૧૯૪ તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું; અને એ કહ્યું તેવું ન હોય, તો કાચું અન્ન માંગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું; ૧૯૫





અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર -જે ભરતજી, તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વર્તતા હતા તેમ જ પરમહંસ એવા જે અમારા સાધુ, તેમણે વર્તવું; ૧૯૬




અને જે ઔષધ, દારૂ તથા માંસ-તેણે યુક્ત હોય તે ક્યારેય ન ખાવું; અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ, તે વૈદ્યે આપ્યું જે ઔષધ, તે પણ ક્યારેય ન ખાવું. ૩૧




અને લોક ને શાસ્ત્ર-તેમણે, મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યાં એવાં સ્થાનક જે જીર્ણ દેવાલય તથા નદી-તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર, વૃક્ષની છાયા તથા ફૂલવાડી-બગીચા; એ આદિક જે સ્થાનક, તેમને વિષે ક્યારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ૩૨




બહુ મૂલ્યવાન ચિત્ર-વિચિત્ર ભાતનું તથા કસુંબાદિક રંગે રંગેલું વસ્ત્ર ગ્રહણ કરતાં નથી.

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્ર-વિચિત્ર ભાતનું હોય તથા કસુંબાદિક જે રંગ, તેણે કરીને રંગેલું હોય તથા શાલદુશાલા હોય, ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતે પહેરવું ઓઢવું નહિ; ૧૯૨



સભા પ્રસંગે ગૃહસ્થને ઘેર આવે છે.



ભિક્ષા પ્રસંગે ગૃહસ્થને ઘેર જાય છે



નવધા ભક્તિ વગર સમય પસાર કરતા નથી,


અને ભિક્ષા તથા સભાપ્રસંગ-એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ, અને ભગવાનની જે નવ પ્રકાર ની ભક્તિ-તે વિનાવ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો; ૧૯૩




અને ચોર માર્ગે કરીને પેસવું નહિં અને નીસરવું નહિં; અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. ૩૩




અને અમારા સત્સંગી-જે પુરુષ માત્ર, તેમણે બાઈ માણસના મુખ થકી જ્ઞાન વાર્તા ન સાંભળવી; અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો, તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ૩૪





અને કોઈની પણ પાપણ ન રાખવી, અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો; અને પોતાના ઉતારાની જાયગા બંધિની હોય, તો તેને વિષે ક્યારેય સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ; ૧૯૦





અને એ સાધુ તેમણે, આપત્કાળ પડયા વિના રાત્રિને વિષે સંઘ સોબત વિનાનું ચાલવું નહિ, તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ; ૧૯૧




અને ગુરુનું અપમાન ન કરવું; તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોક ને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથાજે વિદ્વાન મનુષ્ય હોય તથા શસ્ત્ર ધારી મનુષ્ય હોય તે સર્વેનુ અપમાન ન કરવું; ૩૫





અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું; અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજા ને ભણાવવી; અને નિત્ય પ્રત્યે સાધુંનો સમાગમ કરવો ૩૬.




હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ : અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે, નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો; તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા; ૧૮૮




અને સર્વે જે ઈન્દ્રિયો- તે જીતવી અને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી, અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ, ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ૧૮૯




અને ગુરુ દેવ અને રાજા- એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું; અને કોઈ નો વિશ્વાસઘાત ન કરવો. અને પોતાના મુખે કરીને પોતાના વખાણ ન કરવાં; ૩૭





અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાનાં અંગ દેખાય, તેવું જે ભુંડું વસ્ત્ર તે આમારા સત્સંગી તેમણે ન પહેરવું; ૩૮





અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, તે-કોઈએ પણ ચર્મવારિ ન પીવું અને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ, તે બ્રાહ્મણ જાતિ હોય, તેણે કોઈ પ્રકારે ન ખાવું, ૧૮૬





અને જે બ્રાહ્મણ હોય-તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પુજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યાં વિના ભોજન કરવું જ નહિ (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા). ૧૮૭





અને શ્રી કૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી; અને અજ્ઞાની એવા જે મનુષ્ય - તેમની નિંદાની ભય થકી શ્રી કૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ૩૯




અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રી કૃષ્ણના મંદિર માં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિર ને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ - તેમણે પુરુષનો - સ્પર્શ ન કરવો અને મંદિર માંથી નીસર્યા પછી પોત પોતાની રીતે વર્તવું; ૪૦





અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ, ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું; ૧૮૪





અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે વેદ શાસ્ત્રનો અભ્યાસ કરવો, ને ગુરુની સેવા કરવી ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ જે તે સર્વકાળે વર્જવો; ૧૮૫




અને ધર્મવંશી ગુરુ થકી શ્રી કૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી - તેમણે, કંઠને વિષે તુળસીની બેવડી માળા નિત્યે ધારવી ને લલાટ, હૃદય અને બે હાથ - એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું ; ૪૧





અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેસર-કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું ; ૪૨




અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણનાશ થાય એવો આપત્કાળ આવી પડે, ત્યારે તો તે સ્ત્રી-ઓને અડીને, અથવા તે સાથે બોલીને પણ, તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી; ૧૮૨




અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાને શરીરે તેલમર્દન ન કરવું ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના - ઈન્દ્રિયને જીતવી; ૧૮૩



ચાંદલો અને માળા ધારણ કરે છે.

ચાંદલો અને માળા ધારણ કરવાની ના


અને તે સચ્છૂદ્ર થકી બીજા-જે જાતિએ કરીને ઊતરતા એવા ભક્તજન, તેમણે તો ચંદનાદિક કાષ્ઠની જે બેવડી માળા, તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી. અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ૪૫




ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષ ધારણ કરે છે

ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષ નો ત્યાગ કરી
તિલક અને કંઠી ધારણ કરે છે.


અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર-જે-આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી-એ બે વાનાં પોતાની કુળ પરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય, અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય, તો પણ તેમણે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ૪૬




અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ત્યાગ થાયએવુ જે વચન, તે તો પોતાના ગુરુનું પણ ન માનવું અને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું અને માને રહિત રહેવું. ૧૮૦




અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી, તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી, પણ સમીપે આવવા દેવી નહિ, ૧૮૧





અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો; તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી, તેનું પ્રસાદી એવું જે કુંકુમ તેણે કરીને તે ચાંદલો કરવો, ૪૩





અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રી કૃષ્ણના ભક્ત એવા જે સચ્છૂદ્ર તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્રતિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવાં; ૪૪




અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર, તેને અડવું નહિ, અને મૈથુનાસ્કત એવાં જે પશુપક્ષી આદિક પ્રાણીમાત્ર, તેમને જાણીને જોવાં નહિ, ૧૭૮





અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ, તેને અડવું નહિ અને તેની સામે જોવું નહિ અને તે સાથે બોલવું નહિ અને સ્ત્રીને ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા, કીર્તન પણ ન કરવાં; ૧૭૯




અને નારાયણ ને શિવજી-એ બેનું એકાત્માપણું જ જાણવું; કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ૪૭





અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે, શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ, તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો ; ૪૮





અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી, અને જે સ્થાનકને વિષે સ્ત્રી ઓનો પગફેર હોય, તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું ; ૧૭૬





અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમાં, ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય, તેનો સ્પર્શ ન કરવો, અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ; ૧૭૭




અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું. અને શ્રી કૃષ્ણ ભગવાન નું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું; ૪૯





અને પછી એક સ્થાનક ને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને, પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું, અને એક ઓઢવું; ૫૦



ત્રાણ દિવસ સુધી અડવાની ના પાડે છે.

ચોપે દિવસે નાહીને અડે છે.


અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રાણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિક ને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું (એવી રીતે ગૃહ સ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે, સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા, કેમ કે એ ગૃહસ્થ છે; ) ૧૭૪




સ્ત્રીનો સ્પર્શ કરવાની ના

સ્ત્રી સાથે બોલવાની અને જોવાની ના


હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ, અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો, અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ; ૧૭૫




અને તે વાર પછી, પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસન ને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય, એવું જે આસન - તેને વિષે, પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે બેસીને, આચમન કરવું ; ૫૧





અને પછી સત્સંગી પુરુષ માત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું, અને સુવાસિની જે સ્ત્રીઓ, તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો ; પર




અને હોળીની રમત ન કરવી, અને આભુષણાદિકનું ધારણ ન કરવું; અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવા જે ઝીણા વસ્ત્ર, તેનું ધારણ પણ ક્યારેય ન કરવું; ૧૭૨




અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ, તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું, તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું; ૧૭૩





અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું, ને ચાંદલો પણ ન કરવો, અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી તેમણે, મને કરીને કલ્પ્યાં જે ચંદન પુષ્પાદિક ઉપચાર, તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાન ની માનસી પૂજા કરવી. ૫૩




અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્રપ્રતિમા, તેનું આદર પછી દર્શન કરીને, નમસ્કાર કરીને પછી પોતાન સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર, તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું; ૫૪





અને ગર્ભની પાડનારી જે સ્ત્રી, તેનો સંગ ન કરવો, ને તેનો સ્પર્શ પણ ન કરવો, અને પુરુષ ના શૃંગાર રસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી; ૧૭૦





અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ, તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ, તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું; ૧૭૧





અને જે અમારા સત્સંગીમાં અમ્બરીષરાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યંત સર્વે ક્રિયા કરવી; ૫૫




અને એ જે આત્મનિવેદી ભક્ત- તેમણે, પાષાણની અથવા ધાતુની જે શ્રી કૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલગ્રામ, તેની જે પૂજા તે દેશ કાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન પુષ્પ ફળાદિક વસ્તુ, તેણે કરીને કરવી, અને પછી શ્રીકૃષ્ણ-ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર, તેનો જપ કરવો; ૫૬





અને વિધવા સ્ત્રીઓ તેમણે એક વાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સુવું અને મૈથુનાસક્ત એવા જે પશુપક્ષી આદિક જીવ-પ્રાણીમાત્ર, તેમને ક્યારેય જાણીને જોવાં નહિ; ૧૬૮





અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેશ ન ધારવો, તથા સંન્યાસણી તથા વૈરાગણી- તેના જેવો વેશ ન ધારવો, પોતાનો દેશ, કુલ અને આચાર- તેના વિરુદ્ધ એવો જે વેશ, તે પણ ક્યારેય ન ધારવો, ૧૬૯





અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો, અને જે સંસ્કૃત ન ભણ્યા હોય, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ કિર્તન કરવું; ૫૭





અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું; અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે, સર્વકાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું; ૫૮





અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઈ પણ વિદ્યા ન ભણવી, અને વ્રતઉપવાસે કરીને વારંવાર પોતાના દેહ નું દમન કરવું. ૧૬૬





અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય, તો તે ધન, જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું; ૧૬૭





અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્વાદિક ત્રણ ગુણ, તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વક્રિયા તે નિર્ગુણ થાય છે; તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત, જે તે નિર્ગુણ કહ્યા છે. ૫૯




અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું; અને પત્ર, કંદ, ફળાદિક જે વસ્તુ, તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું; ૬૦




અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય બોલવું નહિ, ૧૬૪




અને ધાવણો જે બાળક, તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી, તેમ દોષ નથી, અને કોઈ અવશ્યનું કામકાજ પડે, તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય, તથા તે વૃદ્ધ સાથે બોલાય, તેને વિષે દોષ નથી, ૧૬૫





અને વળી સર્વે જે અમારા સત્સંગી, તેમણે વૃદ્ધાપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રી કૃષ્ણનું સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ૬૧.





અને જે શ્રી કૃષ્ણનું સ્વરૂપ, પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય, તે જ સ્વરૂપને સેવવું; અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે. પણ સેવવા યોગ્ય નથી. ૬૨





અને સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભુષણ ન ધારવાં, ને રુડાં વસ્ત્ર ન પહેરવાં, ને પારકે ઘેર બેસવા ન જવું, અને હાસ્ય વિનોદાદિક નો ત્યાગ કરવો, ૧૬૨




હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ; અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ, તેમણે તો પતિ-બુદ્ધિએ કરીને શ્રી કૃષ્ણ ભગવાનને સેવવા; અને પોતાના પિતા પુત્રાદિક જે સંબંધી, તેમની આજ્ઞાને વિષે વર્તવું, પણ સ્વતંત્ર પણે ન વર્તવું, ૧૬૩




અને અમારા જે સર્વે સત્સંગી, તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું. અને તે મંદિરને વિષે, શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રી કૃષ્ણ ભગવાન. તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું; ૬૩




અને તે શ્રીકૃષ્ણની જે કથા વાર્તા તે પરમ આદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવાં; ૬૪





અને તે સુવાસિની સ્ત્રીઓ, તેમણે રૂપ ને યૌવન - તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ, તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન જ કરવો; ૧૫૦





અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાની નાભિ સાથળ અને છાતી, તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું; અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું; અને ભાંડ ભવાઈ જોવા ન જવું; અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો, ૧૫૧




અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી, તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું; એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું; અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્‌ગ્રંથ, તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો; ૭૫





અને જે મનુષ્ય, જેવાગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો; ૭૬




તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક, તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા- યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ૧૫૮





હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ : અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ, તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્ર હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને પતિ પ્રત્યે કટુવચન ન બોલવું. ૧૫૯





અને પોતાના જે સેવક હોય, તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી ; ૬૭




અને જે પુરુષ જેવા ગુણવાળો હોય, તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો ; ૬૮





અને તે રાજા- તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ, તે જે તે લક્ષણે કરીને યથાર્થ પણે જાણવાં અને.......




અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી - તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી, એ છ જણા આવે, ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઇત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું; ૬૯




અને ગુરુ, દેવ ને રાજા એમની સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચડાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું; ૭૦




અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી, તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ, તેમને નાના પ્રકારનાં દાન દેવાં; ૧૫૬




અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પૂત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું, અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું; ૧૫૭





અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી-તેમણે, પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો. અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ૭૧




અમારા જે આશ્રિત જન, તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને, આદર થકી તત્કાળ સન્મુખ જવું; અને તે આચાર્ય પોતાના ગામ થી પાછા પધારે, ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ૭૨





અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ, તે ઠેકાણે કોઈક કઠણ-ભુંડો કાળ અથવા શત્રુ અથવા રાજા, તેમના - ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય; ૧૫૩ અને તે જો પોતાના મુળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તોપણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ, તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો; અને જ્યાં ઉપદ્રવ ન હોય, તેવો જે બીજો દેશ, તે પ્રત્યે જઈને સુખેથી રહેવું; ૧૫૪





અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી, તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ, તે કરવા, તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ, તેમને જમાડવા; ૧૫૫





અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય, તો તેનું આચરણ ન જ કરવું; કેમ જે ધર્મ છે, તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે. માટે કોઈક ફળના લોભે કરીને ધર્મ નો ત્યાગ ન કરવો; ૭૩




અને પૂર્વે થયા જે મોટા પુરુષ, તેમણે પણ જો કયારેક અધર્માચરણ કર્યું હોય, તો તેનું ગ્રહણ ન કરવું; અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તેનું ગ્રહણ કરવું; ૭૪





અને શ્રીકૃષ્ણભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ, એમનાં દર્શન કરવાને અર્થે જાતે સમે. માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ; તથા શ્રીકૃષ્ણભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ. તેમનાં જે સ્થાનક તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ; કેમ જે તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે, માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું; ૧૫૧




અને પોતાના કામકાજ કરવા તેડ્યાં જે મજુર, તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય, તે પ્રમાણેજ આપવું, પણ તેમાંથી ઓછુંન આપવું; અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચુક્યા હોઈએ તે વાતને છાનીન રાખવી તથા પોતાનો વંશ તથા કન્યાદાન, તે પણ છાનું ન રાખવું અને દુષ્ટ એવા જે જન, તેમની સાથે વ્યવહાર ન કરવો; ૧૫૨





અને કોઈની પણ જે ગુહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવીજ નહિ, અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવીજ રીતે સન્માન કરવું, પણ સમદષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ; ૭૫





અને અમારા જે સર્વે સત્સંગી-તેમણે, ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો; અને જે મનુષ્ય અસમર્થ હોય, તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો; ૭૬





અને શ્રાવણ માસને વિષે શ્રી મહાદેવનું પૂજન જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિ પૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું; ૧૪૯





અને પોતાના જે આચાર્ય, તે થકી તથા શ્રી કૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું, અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર - ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ; ૧૫૦




અને તે વિશેષ નિયમ, તે ક્રિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું, તથા કથા વાંચવી, તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું, તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો, તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી; ૭૭





તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવો; એ જે આઠ પ્રકારના નિયમ, તે અમે ઉત્તમ માન્યા છે, તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ, જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો; ૭૮





અને એકાદશી આદિક જે વ્રત, તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું, તે ઉદ્યાપન કેવું છે, તો મનવાંછિત ફળનું આપનારું છે; ૧૪૮




અને સર્વે જે એકાદશીઓ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું; તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું; તથા શિવરાત્રિનું વ્રત જે તે આદર થકી કરવું. અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા; ૭૯





અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય, તે દિવસે અતિશય યત્ને કરીને, દિવસની નિદ્રાનો ત્યાગ કરવો; કેમ જે, જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમજ દિવસની નિદ્રાએ કરીને, મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે; ૮૦





અને પોતાના વ્યવહાર કાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું; ૧૪૬




અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે, પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન ધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રી કૃષ્ણભગવાનને અર્પણ કરવો; અને જે વ્યવહારે દુર્બળ હોય, તેમણે વીસમો ભાગ અર્પણ કરવો; ૧૪૭




અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રીવલ્લભાચાર્ય- તેના પુત્ર, જે શ્રીવિઠ્ઠલનાથજી તે જે તે વ્રત
અને ઉત્સવના નિર્ણયને કરતા હવા; ૮૧ અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો
જે નિર્ણય, તેને જ અનુસરીને સર્વ વ્રત ને ઉત્સવ કરવા, અને તે વિઠ્ઠલનાથજીએ કહી
જે શ્રીકૃષ્ણની સેવારીતિ તેનું જ ગ્રહણ કરવું; ૮૨





અને સર્વે જે અમારા આશ્રિત- તેમણે, દ્વારિકા આદિક જે તીર્થ, તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે
યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે, દીનજનને વિષે દયાવાન થવું; ૮૩




અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય, તેને વિષે આપવા યોગ્ય જે ધન, તેનું - સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી; ૧૪૪




અને પોતાની ઊપજનું જે દ્રવ્ય, તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો; અને જે ઊપજ કરતાં વધારે ખર્ચ કરે છે. તેને મોટું દુઃખ થાય છે, એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું; ૧૪૫




અને અમારા જે આશ્રિત- તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ, જે તે પૂજ્યપણે કરીને માનવા; ૮૪.




અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનના મંત્રનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્રદેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો; ૮૫





અને ગાય, બળદ, ભેશં, ઘોડા આદિક જે પશુ, તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય, તો તે પશુને રાખવાં, અને જો સંભાવના ન થાય, તો ન રાખવા, ૧૪૨





અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનનાં લેણદેણે કરીને વ્યવહાર, જે તે ક્યારેય ન કરવો, ૧૪૩





અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ પડયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને, પવિત્ર થઈને શ્રી-કૃષ્ણભગવાનના મંત્રનો જપ કરવો, ૮૬




અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી, વસ્ત્રે સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે, પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું, અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી, ૮૭





અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી, તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ૧૪૦





અને તે ગૃહસ્થ સત્સંગી, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલાં અન્ન-દ્રવ્યનો સંગ્રહ, જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ, તેમણે, પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો. ૧૪૧





અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય, તેમણે, જન્મનું સૂતક તથા મરણનું સૂતક, તે પોત-પોતાના સંબંધને અનુસારે કરીને, યથાશાસ્ત્ર પાળવું ૮૮





અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ, એ આદિક જે ગુણ, તેમણે યુક્ત થવું અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શુરવીર પણું અને ધીરજ એ આદિક જે ગુણ, તેમણે યુક્ત થવું; ૮૯





અને તે ગૃહસ્થાશ્રમી, તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ, તેને, પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો, અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું; ૧૩૮





અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા, તે જીવન પર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી; ૧૩૯




અને વૈશ્ય વર્ણ હોય, તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું; અને જે શુદ્ર વર્ણ હોય, તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ, તેમણે કરીને વર્તવું; ૯૦





અને જે દ્વિજ હોય, તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાદ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્ર ને અનુસારે કરીને, જેવો જેનો અવસર હોય અને જેવી ધન સંપત્તિ હોય, તે પ્રમાણે કરવા; ૯૧





અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ, તેમણે યુવાન અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી, તે સંગાથે પણ આપત્કાળ વિના એકાન્ત સ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું; ૧૩૬




અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને, રાજાનો પ્રસંગ હોય તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે, કોઈ પ્રકારે પણ ન જ કરવો; ૧૩૭





અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય, તો પોતાની શક્તિ પ્રમાણે, તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું; ૯૨.





અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર; તથા શ્રી મદ્ભાગવત નામે પુરાણ, તથા મહાભારત ને વિષે તો શ્રી વિષ્ણુસહસ્ત્ર નામ; ૯૩.

તથા શ્રી ભગવદ્ગીતા, તથા વિદુરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રી વાસુદેવ માહાત્મ્ય; ૯૪.


એ ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ એ જે આઠ - સચ્છાસ્ત્ર તે, અમને ઈષ્ટ છે. ૯૫.




અને વળી તે બે જણની જે પત્નીઓ, તેમણે પોતાનાં સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ, ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું; (એવી રીતે ધર્મવંશી - આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા.) ૧૩૪




હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે, તે કહીએ છીએ: અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ, તેમનો સ્પર્શ ન કરવો; ૧૩૫




અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય- તેમણે એ આઠ સચ્છાસ્ત્ર, જે તે સાંભળવાં અને અમારા આશ્રિત, જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી; ૯૬




અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત-એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો, મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું; ૯૭

અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્ ભાગવત પુરાણ તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ તે જે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા; ૯૮

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ-એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર, અને ધર્મશાસ્ત્ર છે. કહેતાં દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે. અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે. અને યાજ્ઞવલ્ક્ય ની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે. એમ જાણવું; ૯૯





અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને, પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને, પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃતિ કરાવવી, કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ૧૩૨




અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો, પણ પુરુષને ન કરવો. ૧૩૩





શ્રીજી મહારાજનાં વચન સંભળાવે છે.


અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્‌ગીતાનું ભાષ્ય, એ જે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે. એમ જાણવું; ૧૦૦

અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન, તે જે તે શ્રીકૃષ્ણભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય; ૧૦૧

તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણભગવાનની ભક્તિ, તે જે તે ધર્મે સહિત જ કરવી, એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. ૧૦૨





અને મોટાં જે મંદિર - તેમને વિષે અમે સ્થાપન કર્યાં એવાં જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી; ૧૩૦




અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નદાને કરીને આદર થકી સંભાવના કરવી; ૧૩૧





અને શ્રુતિને સ્મૃતિ, તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર, તે ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ, તે ભક્તિ જાણવી. ૧૦૩




અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે, એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યાં, એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી; ૧૨૮






અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી, તેમને, અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર પકી માનવા, તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર પકી કરવો; ૧૨૯




અને શ્રી કૃષ્ણભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો; અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું, તેને જ્ઞાન કહીએ, ૧૦૪

અને જીવ છે, તે હૃદયને વિષે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે, ને ચૈતન્ય રૂપ છે, ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખપી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે, લક્ષણ જેનાં એવો જીવ છે, એમ જાણવો, ૧૦૫







અને પોતાના જે શિષ્ય, તેમણે ધર્મનિમિત્તે પોતાને આપ્યું જે અન્ન, તે વેચવું નહિ; અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈક ને દઈને નવું લેવું; એવી રીતે જે જૂનાનું નવું કરવું, તે વેચ્યું ન કહેવાય, ૧૨૬




અને ભાદરવાસુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસોવદિ ચતુર્દશીને દિવસે હનુમાનની પૂજા કરવી; ૧૨૭




અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે, ને અંધકાર રૂપ છે, ને શ્રીકૃષ્ણભગવાનની શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમ માયા ને જાણવી. ૧૦૬







અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી; ૧૨૪





અને વ્યવહાર-કાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું; ૧૨૫





અને જે ઈશ્વર છે, તે જે તે, જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવ ને વિષે અંતર્યામી પણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે, ને સર્વજીવને કર્મ ફળના આપનારા છે. એમ ઈશ્વર ને જાણવા. ૨૦૭







હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ, તેમના જે વિશેષ ધર્મ, તે કહીએ છીએ: અમારા મોટા ભાઈ અને નાના ભાઈ- તેમના પુત્ર જે અયોધ્યા પ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ, તેમને મંત્ર-ઉપદેશ ક્યારેય ન કરવો; ૧૨૩





અને તે ઈશ્વર તે ક્યા-તો પરબ્રહ્મપુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે, અને તે શ્રીકૃષ્ણ, જે તે આપણા ઈષ્ટ દેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે. અને સર્વ અવતારના કારણ છે, ૧૦૮





અને આજે પૂર્વે સર્વે ધર્મ કહ્યા, તે જે તે અમારા આશ્રિત- જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ, ભાઈ- સર્વે સત્સંગી- તેમના સામાન્ય ધર્મ કહ્યા છે; કહેતાં સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે, અને એ સર્વેના જે વિશેષ ધર્મ છે, તેમને પૃથક્ પૃથક્પણે કરીને કહીએ છીએ; ૧૨૨





અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ, તે જે તે રાધિકાજીએ યુક્ત હોય, ત્યારે 'રાધાકૃષ્ણ' એવે
નામે જાણવા, અને રુક્મિણી રૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય, ત્યારે 'લક્ષ્મીનારાય
ણ' એવે નામે જાણવા ; ૧૦૯








અને અમારો જે મત, તે વિશિષ્ટાદ્વૈત છે, એમ જાણવું; અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે, એમ જાણવું, અને તે ધામને વિષે, બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી, તે અમે મુક્તિમાની છે, એમ જાણવું; ૧૨૧




અને એ શ્રીકૃષ્ણ, જે તે અર્જુને યુક્ત હોય, ત્યારે 'નરનારાયણ' એવે નામે જાણવા અને
વળી તે શ્રીકૃષ્ણ જે તે બલભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે, એમ જાણવું; ૧૧૦







અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આ-પદા આવી પડે, તથા રોગાદિક આપદા આવી પડે, તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય, તેમ વર્તવું, પણ બીજી રીતે ન વર્તવું ; ૧૧૯





અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણવાનાં, તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય જાતિ અને સામર્થ્ય,- એટલાંને અનુસારે કરીને જાણવા, ૧૨૦





અને એ જે રાધાદિક ભક્ત, તે જે તે ક્યારેક તો શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે.
અને અતિ સ્નેહે કરી ને, શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે
તો તે શ્રી કૃષ્ણ ભગવાન એકલા જ હોય, એમ જાણવા; ૧૧૧




અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ, જે તે પુણ્યસ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું; અને વળી વિષ્ણુસહસ્ત્રનામ આદિક જે સચ્છાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું, તે પુરશ્ચરણ કેવું છે, તો પોતાના મનવાંછિત ફળ ને આપે એવું છે; ૧૧૮




એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ, તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો; અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજ પણું, ઇત્યાદિક જે ભેદ જણાય છે, તે તો દ્વિભુજ એવા જે તે શ્રી કૃષ્ણ, તેમની ઇચ્છાએ કરીને છે, એમ જાણવું; ૧૧૨





અને શ્રીમદ્ભાગવત પુરાણનો જે દશમ સ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થંકી સાંભળવો, અથવા વર્ષોવર્ષ એક વાર સાંભળવો, અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષોવર્ષ એક વાર વાંચવો, ૧૧૭






અને એવા જે તે શ્રીકૃષ્ણભગવાન, તેની જે ભક્તિ તે જે તે પૃથ્વી ને વિષે
સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિ પકી બીજું કલ્યાણકારી સાધન
કાંઈ નથી, એમ જાણવું. ૧૧૩




અને સ્થૂલ સૂક્ષ્મ અને કારણ- એ જે ત્રણ દેહ, તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને, પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રી કૃષ્ણ ભગવાનની ભક્તિ, જે તે સર્વ કાળને વિષે કરવી; ૧૧૬




અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું; ક્યું તો જે શ્રી કૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમ ભક્તિ ને સત્સંગ - એ બે વિના તો વિદ્વાન હોય, તે પણ અધોગતિને પામે છે. ૧૧૪




અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર, તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે; તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે; માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ, તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી માટે એમનું ધ્યાન ન કરવું, ૧૧૫